ગામનો જ યુવાન કિશોરીને લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયો

૧૭ વર્ષની કિશોરીના અપહરણ બદલ યુવાન વિરૂધ્ધ ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર નજીકના ઈસનપુર મોટા ગામની ૧૭ વર્ષની કિશોરીને આ જ ગામમાં રહેતો યુવાન લગ્ન કરવાના ઈરાદે ગઈ કાલે ભગાડી ગયો હતો. કિશોરીના પિતાની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે યુવાન વિરૂધ્ધ અપહરણનો ગુનો દાખલ કરીને બંનેની શોધખોળ શરુ કરી છે.

ગાંધીનગર પાસેના ઈસનપુર મોટા ગામમાં રહેતી ૧૭ વર્ષની સગીર વયની કિશોરીને ગામનો જ યુવાન નિકુલ અમરતભાઈ પટેલ ગઈ કાલે સવારના અરસામાં ગામમાંથી જ ભગાડી ગયાનો કિસ્સો બનવા પામ્યો છે. કિશોરીને લલચાવી ફોસલાવીને લગ્ન કરવાના ઈરાદે યુવાન ભગાડી ગયો છે.

ગઈ કાલે આ સંદર્ભે કિશોરીના ગુમ થયા અંગે ચિલોડા પોલીસે જાણવા જોગ નોંધી હતી. આજે કિશોરીના પિતાની ફરિયાદને આધારે નિકુલ પટેલ વિરૂધ્ધ અપહરણનો ગુનો નોંધી ચિલોડા પોલિસ મથકના પ્રોહીબીશન પીએસઆઈ એસ.આર. પટેલે સઘન તપાસ આરંભી છે.

સેક્ટર-૭-ડી શહેરીજન સંસ્થાની કાર્યવાહક સમિતિના સભ્યોની વરણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૦

શહેરના સેક્ટર-૭-ડી શહેરીજન સંસ્થાની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૧૮ ઓગષ્ટ-૨૦૧૩ને રવિવારના રોજ યોજાઈ હતી. જેમાં વર્ષ ૨૦૧૩-૧૪ થી ૨૦૧૬-૧૭ માટે કાર્યવાહક સમિતિ નક્કી કરવામાં આવી હતી. સર્વાનુમતે બહાલી વાર્ષિક સામાન્ય સભા આપવામાં આવી હતી અને સર્વાનુમતે સભ્યોની વરણી કરવામાં આવી હતી. સેક્ટર-૭-ડી શહેરીજન સંસ્થાના સુપર સલાહકાર તરીકે પૂર્વ કમિશ્નર રમેશભાઈ જોષીની વરણી કરવામાં આવી છે. તેમજ પ્રમુખ તરીકે જયંતભાઈ ભટ્ટ જે છેલ્લા ૨૧ વર્ષથી પદાધિકારી તરીકે રહેલ છે. કાર્યકારી પ્રમુખ કે.એસ. પંડ્યા, ઉપપ્રમુખ રણજીતભાઈ દેસાઈ, કાન્તિભાઈ પટેલ, મહામંત્રી કે.ઓ. વ્યાસ, સંગઠનમંત્રી મગનભાઈ પટેલ, મંત્રી એ.આર. જાની, ભૂપતભાઈ ભૂતડીયા સહિત સભ્ય તરીકે કેશવગીરી ગોસ્વામી, ગૌતમભાઈ આચાર્ય, એસ.ડી. ગોસ્વામી, કીરીટભાઈ અગ્રાવત, વી.એસ. પટેલ, બી.એસ. કારીયા, ટી.કે. નિમાવત, એલ.જે. વોરા, એ.એસ. ભટ્ટ, જે.આર. ભટ્ટ, જે.વી. પટેલ (લીગલ એડવાઈઝર), ધીરેનભાઈ શાહ, કોષાધ્યક્ષ તરીકે ફરજ બજાવશે. તેમ સંસ્થાના પ્રમુખ જયંતભાઈ ભટ્ટે અખબારી યાદીમાં જણાવ્યું છે.

ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ સે. ૭-ડી ના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ, સેક્ટર-૭-ડીની કાર્યવાહક સમિતિની બેઠક તાજેતરમાં મળી હતી. બેઠકમાં વર્ષ-૨૦૧૩-૧૪ થી ૨૦૧૬-૧૭ સુધીની નવી કાર્યવાહક સમિતિ અને પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળની બેઠકમાં પૂર્વ કમિશનર રમેશભાઈ જોષીને સુપર સલાહકાર તરીકે નીમવામાં આવ્યા છે. તથા પ્રમુખ તરીકે જયંતભાઈ ભટ્ટ, કાર્યકારી પ્રમુખ તરીકે સુમંતભાઈ શાહ, ઉપપ્રમુખ તરીકે પી.એન. દોશી અને કાન્તીભાઈ પટેલ, મહામંત્રી તરીકે કે.ઓ. વ્યાસ, સહમંત્રી તરીકે મગનભાઈ પટેલ, મંત્રી તરીકે એ.આર. જાની, ભૂપતભાઈ ભૂતડીયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. સભ્યોમાં કેશવગીરી ગોસ્વામી, ગૌતમભાઈ આચાર્ય, એસ.ડી. ગોસ્વામી, કિરીટભાઈ અગ્રાવત, વી.એસ. પટેલ, બી.એસ. કારીયા, ટી.કે. નિમાવત, એલ.જે. વોરા, એ.એસ. ભટ્ટ, જે.આર. ભટ્ટ, જે.વી. પટેલ, લીગલ એડવાઈઝર કે.એસ. પંડ્યા, કોષાધ્યક્ષ તરીકે ધીરેનભાઈ શાહ કામગીરી સંભાળશે.

ગાંધીનગર જિલ્લા - શહેર કોંગ્રેસ દ્વારા સ્વ. રાજીવ ગાંધીનાં જન્મદિને સદ્‌ભાવના દિનની ઉજવણી કરવામાં આવી હતી તે પ્રસંગની તસવીર. (તસવીર : કશ્યપ નિમાવત)

રાષ્ટ્રીય સદ્‌ભાવના દિવસની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૦

૨૦ ઓગષ્ટના દિવસે ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી સ્વ. રાજીવ ગાંધીનો જન્મ દિવસ જે ભારત સરકાર 'રાષ્ટ્રીય સદ્‌ભાવના દિવસ' તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ સદ્‌ભાવના દિવસ નિમિત્તે નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર અને સમાજની વિવિધ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં સૌ યુવા કાર્યકર્તાઓ, યુવા નેતાઓ, અગ્રણીઓ ઉપસ્થિત રહી રાજીવજીને શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ કિનાબહેન પટેલ દ્વારા 'રાષ્ટ્રીય સદ્‌ભાવના' ના શપથ લેવડાવવામાં આવ્યા હતા. ત્યારબાદ શિવિલ હોસ્પિટલ ખાતે તમામ વોર્ડના દર્દીઓ તથા સંબંધીઓને સદ્‌ભાવના દિન નિમિત્તે બિસ્કીટ ચોકલેટ, ફળફળાદિ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નિશિથભાઈ વ્યાસ, જશુભા રાણા, અશ્વિનભાઈ બારોટ, હિમાંશુભાઈ પટેલ, યુવા કાર્યકર કશ્યપ નિમાવત, યુવા જયદિપસિંહ ઠાકોર, નહેરુ યુવા કેન્દ્રના સંયોજક રજનીકાંત સુથાર, નિવૃત સનદી અધિકારી આઈ.એ. વ્હોરા, મહેશભાઈ પટેલ, શહેર પ્રમુખ કોંગ્રેસ મુકેશભાઈ પટેલ, વોલેન્ટીયર્સ નિશાન ગોસ્વામી, પુજા શાહ, સુનિલ પરમાર, ગુજરાત યુનિવર્સિટીના ડાયરેક્ટર ડો. જગદીશ જોષી, કોર્પોરેટર અશ્વિન વ્યાસ, ઉદ્‌ગમના મયુર જોષી, જુ.સી.કા.ના કમલ ચૌધરી, દિનેશભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સદ્‌ભાવના સપ્તાહ નિમિત્તે રક્તદાન, વૃક્ષારોપણ વિવિધ સમાજ ઉપયોગી પ્રવૃત્તિનું આયોજન હાથ ધરાશે તેમ સંસ્થાના સંયોજક રજનીકાંતભાઈ સુથારે જણાવ્યું છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

સદ્‌ભાવના દિન નિમિત્તે નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ગાંધીનગર સિવિલ ખાતે ફળ અને બિસ્કીટ વિતરણ કરવામાં આવ્યા હતા.

શિક્ષિત શહેરમાં અંધશ્રદ્ધાનો ઉભરો

વિજ્ઞાન અને ટેકનોલોજીના જમાનામાં અંધશ્રદ્ધા હાવી : ચુંદડી, શ્રીફળ તથા અન્ય ચિજવસ્તુઓ મુકવા માટે ચાર રસ્તા અંધશ્રદ્ધાનું મુખ્ય સ્થળ

ગાંધીનગર, તા. ૨૦

રાજયભરમાં શિક્ષણ ક્ષેત્રે નામના મેળવી ચુકેલુ ગાંધીનગર શહેર પણ અમુક બાબતોથી અછુત રહ્યુ નથી. જેમાં અંધશ્રદ્ધાએ શિક્ષણ પ્રેમીઓને હચમચાવી મુક્યા છે. હાલમાં શહેરના દરેક ચાર રસ્તાએ ચુંદડી, શ્રીફળ તથા અન્ય ચિજવસ્તુઓ પડેલી નજરે પડે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીમાં વિશ્વ હરણફાળ ભરી રહ્યું છે અને દરેક બાબતનો વૈજ્ઞાનિક રીતે ઉકેલ અને સમજ મળી રહે છે છતાં પણ અંધશ્રદ્ધા હાલ તો હાવી જ રહી છે.

ગાંધીનગરના તમામ સર્કલો અને ચાર રસ્તાએ અંધશ્રદ્ધાના પૂરાવા સાંપડી રહ્યા છે. ભૂત-પલીત, વળગાડ કે અન્ય બાબતના નિકાલ કરવાના ઉપાય રૂપે ચુંદડી શ્રીફળ કે અન્ય ચિજવસ્તુઓ અહીં નિરર્થક પડી રહેલી જોવા મળી રહી છે. જો કે આ બાબત ગાંધીનગર જેવા શિક્ષિત શહેરમાં બનતી હોવાથી કેટલાક શિક્ષણ પ્રેમીઓ દુઃખ વ્યક્ત કરી રહ્યા છે.

અંધશ્રધ્ધામાં ગળાડુબ હાલના પ્રજાજનો પર્યાવરણને પણ એટલું જ નુકશાન પહોંચાડી રહ્યા છે. જો કે તંત્ર દ્વારા તેમની શ્રદ્ધાને ઠેસ ન પહોંચે તે રીતે ઉપાયો સુચવે છે છતાં ધાર્મિક લાગણી અને માંગણી આગળ તેઓ

કોઈપણ જાતનું સમાધાન સ્વીકારવા તૈયાર હોતા નથી. જેથી નદી, તળાવ કે સરોવરમાં દેવી-દેવતાઓ અને ચીજવસ્તુઓ જેમ-તમ પડેલી નપરે પડે છે.

ઘરમાં દસ દિવસ સુધી કે પૂજાપાઠ કર્યા પછી દેવ-દેવીઓને પધરાવવા જતા શ્રદ્ધાળુઓ પોતાના આસ્થાના પ્રતિકની હાલત થોડા સમય પછી નિહાળે તો જ ખબર પડે કે દેવી-દેવતા કેવા કીચડ-કાદવમાં ખદબદી રહ્યા છે. છતાં શ્રદ્ધાને અંધશ્રદ્ધા સાથે મીલાવી આ પ્રકારની પ્રવૃત્તિ અટકાવી સંજોગો આધિન અશક્ય હોવાનું કેટલાક લોકો માની રહ્યા છે.

જો કે શિક્ષિત લોકો એવું માની રહ્યા છે કે દવા અને દુઆ બંને જરૂરી છે. પરંતુ શરીરના છેલ્લા શ્વાસ સુધી અંધ શ્રદ્ધામાં રહી દવાજન કરાવી તે વૈજ્ઞાનિક પડકાર બન્યો છે માટે જ વિજ્ઞાન અને ટેકનોલોજીના જમાનામાં યોગ્ય સમજ સાથે ખરી શ્રદ્ધાજ શ્રેષ્ઠ પૂરવાર થાય તેવી શિક્ષણ જગત માની રહ્યું છે.

આજે લિમ્બચ માતાજીના મંદિરે મહાઆરતી

પ્રેરણા પ્રગતિ મંડળના ટ્રસ્ટીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે તા. ૨૧મી ઓગષ્ટ-૨૦૧૩ના રોજ લિમ્બચ માતાજી મંદિર, સેક્ટર-૧૩, ગાંધીનગર ખાતે પૂનમ નિમિત્તે સાંજે ૭ કલાકે મહાઆરતી યોજાશે.

નભોઈ કેનાલમાંથી બિનવારસી યુવાનનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર પાસેની નભોઈ નર્મદા કેનાલમાંથી આજે સવારના અરસામાં આશરે ૩૦ થી ૩૫ વર્ષના બિનવારસી યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. કેનાલ સિકયુરીટી ગાર્ડે પોલીસને જાણ કરતાં અડાલજ પોલીસ દોડી આવી હતી. પોલીસે મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તેની ઓળખ માટે તજવીજ શરુ કરી છે.

નભોઈ કેનાલ સિકયુરીટી ગાર્ડ સંતોષસિંગ નાહર આજે સવારે કેનાલ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન નભોઈ કેનાલના પાણીમાં અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ દેખાઈ આવ્યો હતો. કેનાલ સિકયુરીટી ગાર્ડે અડાલજ પોલીસને તરતી લાશ અંગે જાણ કરતાં જમાદાર ભીખાભાઈ દેસાઈ સ્થળ પર આવી પહોંચ્યા હતાં. આશરે ૩૦ થી ૩૫ વર્ષની વયના અજાણ્યા યુવાનનો મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં તેની પાસેથી ઓળખ થાય તેવું કાંઈ મળી આવ્યું નહતું. મૃતદેહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ કોનો છે અને તેના વાલીવારસ કોણ છે? તે સહિત મૃત્યુનું કારણ બહાર લાવવા પોલીસે દોડધામ શરુ કરી છે.

આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં રક્ષાબંધન ઉજવાઈ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં ચારેય પ્રાથમિક શાળાઓના ઉપક્રમે સામૂહિક રીતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર સોમભાઈ પટેલ, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન વિભાગના ડીન ડૉ. વીણાબેન પટેલ, ગર્લ્સ હોસ્ટેલના સુપ્રિન્ટેન્ડેન્ટ કૌશલ્યાબેન પટેલ, ચારેય પ્રાથમિક શાળાઓના આચાર્યા તેમજ શાળા-પરિવારના કર્મચારીઓ અને તેમના બાળકો સાથે હાજર રહ્યા હતા. સૌ પ્રથમ સંસ્થાના ચેરમેને કેટલીક બાળાઓ પાસે રાખડી બંધાવી પર્વ નિમિત્તે સદ્‌ભાવના વ્યક્ત કરી હતી. ચારેય શાળાના વિદ્યાર્થી ભાઈઓને અરસપરસ રીતે અન્ય શાળાઓની બહેનો દ્વારા રાખડી બાંધી મોં મીઠુ કર્યુ હતુ. અને આશિષ પાઠવ્યા હતા. બાળકો દ્વારા આ પ્રસંગે ભાઈ બહેનના પવિત્ર સંબંધને અભિવ્યક્ત કરતા ગીતો-લોકગીતો રજૂ કર્યા હતા.

ડભોડા ગામેથી ૧૫૦ શ્રદ્ધાળુ ભક્તો હરીદ્વાર-ગંગાજીના દર્શનાર્થે પ્રયાણ

ચિલોડા, તા. ૨૦

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામેથી શ્રાવણ માસ નિમિત્તે ૧૫૦ શ્રદ્ધાળુ ભાઈ-બહેનો તા. ૧૮મીથી ૬ દિવસના યાત્રા પ્રસંગે હરીદ્વારે ગંગાના દર્શન તથા સ્નાન કરવા માટે ગાંધીનગર રેલવે સ્ટેશનથી જતી રેલવેમાં સવારે જવા પ્રયાણ કર્યુ હતુ. આ યાત્રા સંઘમાં યાત્રાળુને પ્રોત્સહન આપવા ગામના અગ્રણી ધર્મપ્રેમી બાબુજી નેનાજી ઠાકોર, દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગામના ડે. સરપંચ દિલિપભાઈ કે. પટેલ વગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા. યાત્રા માટે બાબુજી નેનાજી ઠાકોરે વિશેષ યોગદાન આપી પ્રોત્સાનરૂપ દેષ્ટાંત પુરૂ પાડ્યું હતું. આમ યાત્રામાં ખાસી મોટી સંખ્યામાં મહિલાઓએ વધુ ભાગ લીધો હતો. યાત્રા ૬ દિવસ હરદ્વારે ગંગામાં પવિત્ર સ્થાન કરી તા. ૨૩મી ઓગષ્ટના દિવસે પરત ફરશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૪
સૂર્યાસ્ત : ૬.૫૯

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૭૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ: ૯.૦૦, ૩.૧૦, ૯.૨૦
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૧૦, ૬.૨૦

: સ્ક્રીન-૨ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ: ૯.૪૫, ૧૨.૪૫, ૩.૫૫, ૭.૦૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૧.૧૫, ૨.૧૫, ૫.૨૫, ૮.૩૫

સૂર્યા, વાવોલ

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મા બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૦.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
ચેન્નાઈ એક્સપ્રેસ: ૧.૩૦,

: સ્ક્રીન-૨ :
ચેન્નાઈ એક્સપ્રેસ : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧.૧૫

: સ્ક્રીન-૩ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૧.૦૦, ૫.૦૦, ૧૧.૦૦
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૨.૦૦, ૮.૦૦

ચિરાગ, કલોલ

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- શ્રાવણ સુદ-૧૫ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેક્ટર-૨૧ ખાતે આજે રાખડીના હિંડોળા
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે અતુલભાઈ ત્રિવેદીના નિવાસ સ્થાન બ્લોક નં. ૨/૪, છ- ટાઈપ, ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે ગીરીશભાઈ શુક્લના નિવાસ સ્થાન ૧૨૨૯/૧, સેક્ટર-૨/એ, રસિકભાઈ પટેલના મકાન ખાતે શિવ મહિમ્ન પાઠ અને ભક્તિ વંદના.
- શ્રાવણ માસ નિમિતે શ્રી રામજી મંદિર, વાવોલ ખાતે મંહત મધુસૂદનદાસજી બાપુના સાંનિધ્યમાં ભાગવત કથા અને વિવિધ પ્રકારની રાખડીના હિંડોળા.

આપની આજ

મેષ : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

વૃષભ : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. વધુ પ્રયત્ન કરવો પડશે. સંબંધો પ્રત્યે સાવધાની રાખવી જરૂરી બની રહેશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

કર્ક : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

સિંહ : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

કન્યા : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

તુલા : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

ધન : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

મકર : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો.

કુંભ : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મીન : સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે.

ચિરવિદાય

- સ્વ. રણછોડજી મગનજી ઠાકોર (ઉ.વ.૪૭) મુ. ધોળાકુવા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. નેમચંદભાઈ શિવલાલ મહેતા (ઉ.વ.૬૮) મુ. પ્રતાપનગર, તા. માણસા, જી. ગાંધીનગર